| | |
|---|---|
| | દાખલ તારીખ: ૦૬.૦૩.૨૦૨૬<br>નોધ્યા તારીખ : ૦૬.૦૩.૨૦૨૬<br>નિર્ણય તારીખ : ૧૦.૦૩.૨૦૨૬<br>મુદત : વર્ષ–૦૦, માસ–૦૦, દિવસ–૦૪ |

==========================================================

**ગીર સોમનાથ જિલ્લાના મહે. બીજા એડી. સેશન્સ જજ (શ્રી જે. જે. પંડયા સાહેબ)ની કોર્ટમાં,મુ. વેરાવળ**

==========================================================

**ફો. પ. અ. નં.૧૦૮/૨૦૨૬**
**આંક–**

**અબ્દુલ ઈસ્માઈલ મુસાણી**
ઉ.વ.૩૯, ધંધો–મજુરી,
રહે. ડારી ગામ હે.જુમ્મા મસ્જીદ, પ્રાથમિક સ્કુલ,
તા.વેરાવળ. જી.ગીરસોમનાથ.
હાલ રહે. જીલ્લા જેલ જુનાગઢ. **......અરજદાર**

**વિરૂધ્ધ**

**શ્રી સરકાર** **.....સામાવાળા**

---------------------------------------------------------

**અરજદાર તરફે વિ. વકિલ શ્રી એ.આઈ.સુમરા**
**શ્રી સરકાર તરફે વિ.પબ્લીક પ્રોસીકયુટર શ્રી કે.ડી.વાળા**

---------------------------------------------------------

**:: બી. એન. એસ. એસ. એકટની કલમ–૪૮૩ મુજબ જામીન અરજી ::**

**:: જજમેન્ટ ::**

**(૧)** આ કામના અરજદાર/આરોપી વિરૂધ્ધ પ્રભાસપાટણ પો.સ્ટે. ગુના રજી.નં.૧૧૧૮૬૦૦૪૨૬૦૦૦૭/૨૦૨૬, બી.એન.એસ.ની કલમ–૨૯૮, ૩૨૫ તથા પશુ સંરક્ષણ અધિ. ૧૯૫૪ (સને – ૨૦૧૭ ના નવા સુધારા કલમ) ની કલમ–૫(૧)(ક), ૬(બી),૮(૧) (૨) (૩)(૪), ૧૦ મુજબનો ગુનો આરોપી નોંધાયેલ હોય મુજબના ગુના સબબ જયુડીશ્યલ કસ્ટડીમાં હોય, તેઓએ રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટે હાલની અરજી બી. એન. એસ. એસ. એકટની કલમ–૪૮૩ હેઠળ દાખલ કરેલ છે.

(૨) અરજદારોની અરજી સંબંધે સરકારશ્રીને નોટીશ કરવામાં આવતા સરકાર તરફે વિ. પબ્લીક પ્રોસીકયુટર શ્રી કે.ડી.વાળા હાજર થયેલ છે અને તેઓએ ત. ક. અમલદારશ્રીનું સોગંદનામું રજુ કરેલ છે.

(૩) અરજદાર/આરોપી તરફે વિ. વકિલ શ્રી એ.આઇ.સુમરાની દલીલ છે કે, હાલના અરજદારનો રોલ ફરિયાદપક્ષે એવો બતાવેલ છે કે, અમે ગાયની કતલ કરેલ હોય તો ચામડા કે હાડકાનુ શું થયુ તે પુરાવો નથી. અમે કાપેલ તેવો પુરાવો નથી. ચામડુ હાડકા વગેરેનુ શું થયુ તે અંગે પણ કોઈ પુરાવો ન હોય અને અમે નાસી ભાગી જઈએ તેમ નથી. ફરિયાદપક્ષના કેસ મુજબ આરોપી નં.૨ અને ૬ દ્વારા પશુને કાપીને મટન મેળવવામાં આવેલ છે જે અરજદાર નં.૩ ને આપવાનુ હતુ તેવો ફરિયાદપક્ષનો કેસ છે અને જે મટન મેળવેલ તે અમે મંગાવેલ હોવાનો કોઇ પુરાવો નથી. બીજા આરોપીની કબુલાતને આધારે અમોને આરોપી બનાવેલ છે ત્યારે વજન કર્યાનો પુરાવો નથી. રીક્ષા એફ.એસ.એલ.માં મોકલેલ નથી. જેથી બિનવારસી મુદ્દામાલ મળેલ હોય તેમ માની શકાય. ડિસ્કવરી પંચનામા મુજબ છરી કટાઇ ગયેલ છે. આરોપી નં.૧ જામીન મુકત છે અને અમને મુદ્દામાલ આપવાનો હતો તેવો કોઇ પુરાવો નથી અમે નાસી ભાગી જઇએ તેમ નથી. સ્થાનીક રહેવાસી છીએ. શરતોનુ પાલન કરશુ. તે તમામ બાબતે ધ્યાને લઈ અરજી મંજુર કરવા વિનંતી છે.

(૪) ફરિયાદપક્ષે વિ. પબ્લીક પ્રોસીકયુટરશ્રી કે.ડી.વાળાની દલીલ છે કે, ગૌમાંસ લગતો મુદ્દામાલ છે પુરાવો પુરતો છે જેથી ચાર્જશીટ કરેલુ છે અને ચાર્જશીટ મુજબ પણ પુરતો પુરાવો છે.

(૫) બંને પક્ષકારોના વિ.વ.શ્રીની દલીલ તથા રેકર્ડ ધ્યાને લેતા ફરિયાદ હકીકત મુજબ પિયાગો રીક્ષા નં.GJ-07-BW-3462 ની પોલીસે રોકતા તેમાથી તોસીફભાઈ રીક્ષાચાલક મળી આવેલ તેમજ રીક્ષાની પાછળની શીટમાં બેસેલ વ્યકિત અબ્દુલભાઈ મળી આવેલ અને આ રીક્ષામાથી ૬૫ કિલો ગૌ માંસ મંગાવેલ અને તેને દેવા જવા માટે જતા હતા. આમ, ફરિયાદપક્ષના કથન મુજબ હાલના અરજદાર/આરોપીઓ મુદ્દામાલ ગૌ માંસ મંગાવનાર અને ઉપયોગ કરનાર છે જેથી આ વ્યકિતની ગૌ વંશની હત્યા કરી માંસ મેળવવા પ્રોત્સાહન આપનાર છે અને અરજદારની જરૂરીયાત સંતોષવા માટે આરોપી નં.૨ અને ૬ ના એ ગૌવંશની કતલ કરેલ હોય તેમ ફરિયાદ પરથી જણાય આવે છે જો આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો ગૌવંશનુ માંસ મેળવવા પ્રયત્ન કરનાર માણસોને પ્રોત્સાહન મળે

તેમ હોય અને સમાજમાં અવળી અસર પડે તેમ હોય, ગાય જેવા દુધ આપતા પશુની કતલ કરવાની પ્રવૃતિને વેગ મળે તેમ છે. દસ વર્ષની સજાને પાત્ર ગુનો છે. ગૌમાંસ મળી આવેલ. મુદ્દામાલ કબજે કરવાનુ પંચનામુ અને વિડીયોગ્રાફી કરવામાં આવેલ છે અને હાડકા કે ચામડાનો નિકાલ કેવી રીતે કરેલો? આરોપીએ કે જેણે પશુની કતલ કરેલ હોય તેના નોલેજમાં હોય તેનુ તેને અંગત જ્ઞાન હોય હાડકા કે ચામડુ ન મળી આવવાને કારણે કતલ થયેલ નથી તેવુ માની શકાય નહી. અગાઉ અત્રેની અદાલત આરોપીની ફો.પ.અ.નં.૧૫/૨૦૨૬ થી નામંજુર કરવામાં આવેલ ત્યારે જે સંજોગો હતા અને હાલના સંજોગોમાં ફેરફાર થયેલ નથી જેથી અરજદારની અરજી મંજુર કરવા યોગ્ય જણાતુ ન હોય નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## **–ઃ॥ હુકમ –ઃ॥–**

(૧) અરજદાર/આરોપીની બી. એન. એસ. એસ. એકટની કલમ–૪૮૩ અન્વયે જામીન ઉપર મુકત થવાની હાલની અરજી **નામંજૂર** કરવામાં આવે છે.

(૨) અરજદાર/આરોપી હાલ જેલમા હોય, તેઓને આ હુકમની જાણ કરતી યાદી, સંબંધિત જેલ ઓથોરીટીને ઈમેઈલ દ્ધારા કરવી.

આજરોજ આ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૦/૦૩/૨૦૨૬
સ્થળ : વેરાવળ.

**(જીગ્નેશ જગદિશચંદ્ર પંડયા)**
બીજા એડી. સેશન્સ જજ
ગીર સોમનાથ,વેરાવળ
કોડ નં.જીજે૦૦૭૫૬